# રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય

સરકારી પુસ્તકાલય પાસે, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧

ફોન નં. (૦૭૯) ૨૩૨૪૮૪૬૧, ૨૩૨૪૮૪૬૨ ઇમેલ-gseb21@gmail.com


ક્રમાંક:રાપબો/અવિપ/GEMI/૨૦૨૩/ 17263-66

તા:૦૮/૧૧/૨૦૨૩

પ્રતિ,

અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક અને નિયામકશ્રી,

ગેમી ભવન, પ્લોટ નં.બી-૨૪૬ & ૨૪૭,

સેક્ટર-૨૫, ગાંધીનગર

**વિષયઃ** ગેમીની Assistant Environment Engineer, Senior Scientific Assistant અને Clerk cum Typist ૨૦૨૩ નું પરિણામ જાહેર કરવા બાબત.

શ્રીમાન,

Gujarat Environment Management Institute (GEMI) ની Assistant Environment Engineer, Senior Scientific Assistant અને Clerk cum Typist ૨૦૨૩ ની ત્રણ સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા ગુજરાત સરકારશ્રીના Online Job Portal, OJAS (www.ojas.gujarat.gov.in) વેબસાઇટ પર તા.૨૨/૦૫/૨૦૨૩ થી તા.૦૫/૦૬/૨૦૨૩ સુધી ઓનલાઇન અરજી મંગાવવામાં આવેલ હતી.

ઉકત લાયકાત ધરાવતા ઉમેદવારોની લેખિત પરીક્ષા લેવાનું નકકી થયેલ. તે અન્વયે લેખિત પરીક્ષાની બેઠક વ્યવસ્થા, પેપર, આન્સર શીટ, ઓ.ઓમ.આર. શીટ અને લેખિત પરીક્ષાનું મેરીટ મુજબ રીઝલ્ટ તૈયાર કરી આપવા સુધીની કામગીરી Gujarat Environment Management Institute (GEMI), ગાંધીનગરના તા.૧૩/૦૬/૨૦૨૩ના પત્રાંકઃ પત્ર ક્ર:ગેમી/૩૯૭(૧૪)-૧૩૦૬-૨૦૨૩ થી સદરહું લેખિત પરીક્ષા યોજવા રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને જણાવેલ હતું.

રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.૩૧/૦૮/૨૦૨૩ના પત્રથી સદરહું લેખિત પરીક્ષા તા.૨૪/૦૯/૨૦૨૩ (રવિવાર)ના રોજ Assistant Environment Engineer, Senior Scientific Assistant સંવર્ગની પરીક્ષા સવારના ૧૧.૦૦ કલાક થી સાંજે ૧૩.૦૦ અને Clerk cum Typist સંવર્ગની પરીક્ષા બપોરના ૧૫.૦૦ કલાક થી સાંજે ૧૭.૦૦ કલાક દરમ્યાન અમદાવાદ ખાતે પરીક્ષા લેવાનું આયોજન કરેલ હતું.

આ પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી તા.૦૧/૧૦/૨૦૨૩ના રોજ કચેરીની વેબસાઇટ www.sebexam.org પર મુકવામાં આવેલ હતી અને આ પરીક્ષાના કોઇ પ્રશ્ન / પ્રોવિઝનલ આન્સર કી ના ઉત્તર સામે ઉમેદવાર રજુઆત કરવા માગતા હોય તો નિયત પત્રકમાં તા.૦૧/૧૦/૨૦૨૩ થી તા.૦૬/૧૦/૨૦૨૩ સુધી તમામ વિગતો ભરીને જરૂરી માન્ય આધારો સાથે કચેરીના ઇ-મેઇલ એડ્રેસ sebg.query@gmail.com પર મોકલી આપવા સુચના આપવામાં આવેલ હતી.

ગેમીની Senior Scientific Assistantની પરીક્ષાના A કેટેગરીના પ્રશ્નપત્રમાં પ્રશ્ન નં ૯ થી ૧૨ કોર્ષ બાહર પુછાયેલ હોવા અંગે ઉમેદવાર દ્વારા રજૂઆત કરેલ જે અન્વયે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા.૧૮-૧૦-૨૦૨૩ના રોજ ઇ-મેઇલથી ગેમીની કચેરીને રજૂઆત મોકલી આપેલ હતી. ગેમીના ૧૮-૧૦-૨૦૨૩ના પત્રથી Senior Scientific Assistantની પરીક્ષાના A કેટેગરીના પ્રશ્નપત્રમાં પ્રશ્ન નં ૯ થી ૧૨માં ઉલ્લેખ કરેલ પ્રશ્નો ગેમી દ્વારા નિયત કરેલ Syllabusમાથી પુછવામાં આવેલ ન હોવાથી આ ચાર(૪) પ્રશ્નોના ગ્રેસિંગ માર્કસ આપવા જણાવેલ હતું. આ સિવાય ઉમેદવારો દ્વારા ત્રણેય સંવર્ગના A કેટેગરી પેપરની પ્રોવિઝનલ આન્સર કી ના ઉત્તર સામે મળેલ તમામ રજુઆતોને તજજ્ઞ સમિતિ સમક્ષ મુકવામાં આવેલ હતી. તજજ્ઞ સમિતિ દ્વારા તમામ રજુઆતો અને આધારોની ચકસણી કર્યા બાદ આ પરીક્ષાની ફાઇનલ આન્સર કી તા.૨૭/૧૦/૨૦૨૩ના રોજ કચેરીની વેબસાઇટ www.sebexam.org પર મુકવામાં આવેલ હતી. આ ફાઇનલ આન્સર કી માં સુધારો કરેલ પ્રશ્નો બાબતે કોઇ રજૂઆત હોય તો તા. ૩૦/૧૦/૨૦૨૩ સુધી તમામ વિગતો ભરીને જરૂરી માન્ય આધારો સાથે કચેરીના ઇ-મેઇલ એડ્રેસ sebg.query@gmail.com પર મોકલી આપવા સુચના આપવામાં આવેલ હતી. ફાઇનલ આન્સર કી મુજબ રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા તા૦૮/૧૧/૨૦૨૩ (બુધવાર)ના રોજ "Gujarat Environment Management Institute (GEMI) ની Assistant Environment Engineer, Senior Scientific Assistant અને Clerk cum Typist" નું પરીણામ જાહેર કરવામાં આવે છે.

સદરહું પરિણામ ઉમેદવાર રાજય પરીક્ષા બોર્ડની વેબસાઇટ www.sebexam.org પરથી પરિણામ જાણી શકશે.

આપનો વિશ્વાસુ

MGV

સચિવ

રાજય પરીક્ષા બોર્ડ

ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારૂ :

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. સચિવશ્રી(પ્રા.મા.શિક્ષણ)ના અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.